**બી.પી.એલ. સિવાયના લાભાર્થીઓ**
**માટેની સરદાર આવાસ યોજના-૨**

# ગુજરાત સરકાર

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક – અવસ/૧૦૨૦૧૪/૧૫૮/લ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૨/૨૦૧૪

**વંચાણે લીધા –**

(૧) સરદાર આવાસ યોજનાનો પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક – મકાન/૧૦૯૫/૧૮૫૮/૧૩૨૬(૯૭)/લ. તા.૧/૫/૧૯૯૭ તથા સરદાર આવાસ યોજના અંગે વખતોવખતના સુધારાઓ.

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના – પત્ર ક્રમાંક – પીઆરસી/૧૦૨૦૧૨/૬૨૩૦૩૯/લ. . તા.૩/૧૦/૧૨

(૩) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ આઇડીબી/૨૦૧૩/એસએફએસ/૨૧૦૨/ખ.૧ તા.૮/૮/૧૩

(૪) ઇન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શિકા જુન-૨૦૧૩

**પ્રસ્તાવના -**

૧. રાજયમાં વંચાણે-૧ના ઠરાવોથી ગ્રામ વિકાસ સર્વે ૨૦૦૨ યાદીના ૧૭ થી ૨૦ ગુણાંકના લાભાર્થીઓ માટે સરદાર આવાસ યોજના અમલમાં છે. વંચાણે-૩ના ઠરાવથી વર્ષ ૨૦૧૩-૧૪થી ૧૭ થી ૨૦ ગુણાંકના લાભાર્થીઓને ઇન્દિરા આવાસ યોજના અંતર્ગત લાભ આપવા ઠરાવેલ છે.

૨. રાજયમાં આવેલ દરેક ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને પોતાનું એક પાકુ ઘરનું ઘર મળી રહે તે માટે રાજય સરકારે મુખ્ય મંત્રી ગૃહ યોજના હેઠળ શહેરી વિસ્તારોમાં અનેક નવી યોજનાઓની તાજેતરમાં જાહેરાત કરેલ છે. આ જ મિશન હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં પણ કોઇપણ કાચુ આવાસ ધરાવતા વ્યકિતને પોતાનું મકાન પાકુ બનાવવા માટે સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી સરદાર આવાસ યોજનાનું વિસ્તૃતિકરણ કરી બી.પી.એલ સિવાયના કાચા આવાસ ધરાવતા લાભાર્થીઓ માટે સરદાર આવાસ યોજના-૨ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

**ઠરાવ -**

પુખ્ત વિચારણાને અંતે ગ્રામ વિકાસ સર્વે ૨૦૦૨ના ૨૧ કે તેથી ઉપરના ગુણાંકના કાચા આવાસ ધરાવતા તથા સર્વે યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા તમામ કાચા આવાસ ધરાવતા ગ્રામ્ય લાભાર્થીઓને પાકુ આવાસ બાંધવા " સરદાર આવાસ યોજના-૨ " નીચેની શરતોએ અમલમાં મુકવા ઠરાવવામાં આવે છે.

૧. આ યોજનાનું નામ સરદાર આવાસ યોજના-૨ રહેશે.

૨. આ યોજનાના લાભ માટે કાચુ મકાન એટલે વંચાણે લીધેલ-૪ મુજબ ઇન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ " કાચા મકાનમાં દિવાલો અને/અથવા છાપરું, કાચી ઇંટો, વાંસ, માટી, ઘાસ, વળીઓ, પરાર, છુટા મુકેલા પથ્થર વગેરે જેવી વસ્તુઓની ટેકનીકનો અયોગ્ય ઉપયોગ કરવાને કારણે ટકાઉ નથી. અને રાબેતા મુજબની તુટ ફુટ સામે ટકી શકે તેવા નથી " તે ગણાશે.

૩. આ યોજના માટે કુટુંબ એટલે લાભાર્થી તેના પત્ની/પતિ, તેના સગીર સંતાનો અને તેના ઉપર આધાર રાખતા માતા-પિતા ગણવામાં આવશે.

૪. નવા આવાસની કૂલ લઘુતમ બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજય સરકાર ધ્વારા રૂ. ૪૦,૦૦૦/- સહાય આપવામાં આવશે. સહાય ત્રણ તબકકે ચુકવવામાં આવશે.

- પ્રથમ હપ્તો રૂ. ૧૦,૦૦૦/- મંજૂરી હુકમ સાથે
- બીજો હપ્તો રૂ. ૨૦,૦૦૦/- લીન્ટલ લેવલ સુધીના બાંધકામ તથા શૌચાલય બાંધકામ પૂર્ણ કર્યેથી,
- ત્રીજો હપ્તો રૂ. ૧૦,૦૦૦/- મકાન બાંધકામ પૂર્ણ થયેથી, મકાન બાંધકામ પૂર્ણ કર્યાનું અધિક મદદનીશ ઇજનેરનું પ્રમાણપત્ર રજુ થયેથી મંજુર કરવામાં આવશે. તમામ હપ્તાની ચુકવણી લાભાર્થીના બેંકના ખાતામાં સીધી જમા કરાશે.

૫. પાકુ મકાન બાંધકામ ક્ષેત્રફળ લઘુતમ કૂલ ૨૨.૯૦ ચો.મી. (શૌચાલય સહિત) આ સાથે સામેલ પરિશિષ્ટની શરતો મુજબ કરવાનું રહેશે. મકાનની છત ધાબુ/પતરાની શીટ/એસ્બેસટોસ શીટ તથા મેંગલોરી નળીયા, ભોંયતળીયુ લાદી/પથ્થર/સીમેન્ટ-રેતી, કોન્ક્રીટવાળુ કરવાનું રહેશે.

૬. લાભાર્થીએ પ્રથમ હપ્તો મળ્યે દિવસ-૩૦માં મકાન બાંધકામ શરૂ કરવાનું રહેશે. ત્રણ મહિનામાં લીન્ટલ લેવલ અને બીજો હપ્તો મળ્યાના એક મહિનામાં મકાન બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

૭. આ યોજનામાં પ્રથમ વર્ષે બી.પી.એલ. યાદીના ગુણાંક ૨૧ થી ૨૮ સુધીના જે નોંધાયેલ લાભાર્થી છે (જે એ.પી.એલ જ ગણાય ) તે પૈકી જે અરજી કરે તેને વહેલા તે પહેલાના ધોરણે આ લાભ આપવાનો રહેશે. બીજા તબક્કામાં ૨૯ કે તેથી વધુ ગુણાંક ધરાવતા તેમજ ગ્રામ વિકાસ વિભાગના વર્ષ ૨૦૦૨ ની સર્વે યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા કાચા આવાસ ધરાવતા તમામ લાભાર્થી કુટુંબોને આ યોજનાનો લાભ આપવાનો રહેશે.

૮. આ યોજના અંતર્ગત સંબધિત વર્ષની અંદાજપત્રીય જોગવાઇને અનુરૂપ લક્ષ્યાંક ફાળવવામાં આવે તેની વિકાસ કમિશનરની કચેરીએ તકેદારી રાખવાની રહેશે.

## ૯. પાત્રતાની શરતોઃ-

(૧) લાભાર્થી પોતે કે તેના કુટુંબના અન્ય સભ્યના નામે પાકુ મકાન ધરાવતા હોવા ન જોઇએ.

(૨) લાભાર્થીના પોતાના નામે કે વડવાના નામે કે કુટુંબના સભ્યના નામે જમીન હોય અને તે જમીનમાં અરજદારના હિસ્સાની પિયતવાળી જમીન સહિત અડધો હેકટર અને બિનપિયતવાળી એક હેકટરથી વધુ જમીન હોવી જોઇએ નહીં.

(૩) આ યોજનાના લાભાર્થીએ કોઇપણ આવાસ યોજના હેઠળ આગાઉ આવાસ સહાય મેળવેલ ન હોવી જોઇએ

(૪) લાભાર્થી પોતે ગામે પાંચ વર્ષથી રહેતા હોવા જોઇએ.

(૫) કાચા આવાસ સરકારી પડતર, ગૌચર કે પંચાયતની જમીનમાં દબાણ કરી બનેલ ન હોવા જોઇએ અને લાભાર્થીના નામે પ્લોટ આકારણી રજીસ્ટરમાં નોંધાયેલ હોવો જોઇએ.

(૬) લાભાર્થી કે તેના કુટુંબના અન્ય સભ્ય, કેન્દ્ર-રાજયસરકાર/પંચાયત/બોર્ડકોર્પોરેશન/ગ્રાંટ ઇન એઇડ સંસ્થાનો નિયમિત કર્મચારી ન હોવો જોઇએ.

(૭) જે કુટુંબને અગાઉ આવાસ સહાયનો લાભ મળેલ હોય તેમના પુખ્ત વયના પરિણીત સંતાનો અલગ કાચા આવાસમાં રહેતા હોય તો તેઓને આ યોજનાનો લાભ આપી શકાશે.

૧૦. અરજીપત્ર સાથે અરજદારનો ફોટો તથા કાચા આવાસનો ફોટો ફરજીયાત કરી રેકર્ડમાં રાખવાનો રહેશે.લાભાર્થી અને આવાસ બાંધકામના ફોટા, પૂર્ણ આવાસના ફોટા તથા રેકર્ડ નિભાવણી ઇન્દિરા આવાસ યોજનાના ધોરણે કરવાની રહેશે. બધી આવાસ યોજનાઓનો કોમન ડેટાબેઝ નિભાવી ડુપ્લીકેશન ટાળવાનું રહેશે.

૧૧. ઇન્દિરા આવાસ યોજનાના લાભાર્થીઓને આ યોજનાની લાભાર્થી યાદીમાંથી બાદ કરવાના રહેશે.

૧૨. આ યોજનાનો ખર્ચ માંગણી ક્રમાંક ૭૧ (જનરલ) ૨૨૧૬-૦૩-૧૦૨-૦૪, માંગણી ક્રમાંક ૯૬ (ટી.એ.એસ.પી.) ૨૨૧૬-૭૯૬-૦૩-૧૨ અને માંગણી ક્રમાંક ૯૫(એસ.સી.પી.) ૨૨૧૬-૦૩-૮૦૦-૦૧ ના હેઠળ ફાળવાયેલી વાર્ષિક બજેટ જોગવાઇની મર્યાદામાં કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૪/૦૨/૨૦૧૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બિડાણઃ ઉપર મુજબ

(આઇ.એમ.શેખ)

સંયુકત સચિવ(હાઉસીંગ)

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રી, રા.ક.મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- કમિશ્નર વ સચિવશ્રી, ગ્રામ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત)
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,ગાંધીનગર
- સર્વે શાખાઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ

# પરિશિષ્ટ

(૧) આ યોજના હેઠળ એક ઓરડો તથા આગળના ભાગે ખુલ્લો ઓટલો બનાવવાનો રહેશે. જગ્યાની ઉપલબ્ધી પ્રમાણે સંડાસ કમ બાથરૂમ મકાનની બાજુમાં અથવા મકાનની પાછળ છુટ્ટું અથવા જોડેલું બનાવી શકાશે. ઓરડાનું અંદરનું કામ ૩.૫ મી. × ૪.૯૮ મી.ની રહેશે. પ્લીન્થની ઉંચાઇ ૦.૪૫ મી. તથા પ્લીન્થની ધાબા સુધીની ઉંચાઇ ૨.૭૦ મી. રાખવાની રહેશે. પેરાપેટ ૦.૩૦ મી. ઉંચાઇની રાખવાની રહેશે.

સંડાસ કમ બાથરૂમનું અંદરનું માપ ૧.૦૦ મી. × ૧.૮૨ મી. રાખવાનું રહેશે. પ્લીન્થની ઉંચાઇ ૦.૩૦ મી. તથા પ્લીન્થથી ધાબા સુધીની ઉંચાઇ ૨.૧૫ મી. રાખવાની રહેશે. એક ભાગમાં સંડાસનું ટબ તથા બાકીના ભાગમાં બાથરૂમની જોગવાઇ કરવાની રહેશે. આગળના ભાગે ૧.૮૦ મી. પહોળાઇનો ખુલ્લો ઓટલો બનાવવાનો રહેશે. તેની પ્લીન્થની ઉંચાઇ ૦.૩૦ મી. રાખવાની રહેશે.

મકાનનું ક્ષેત્રફળ સંડાસ કમ બાથરૂમ સહિત ૨૨.૯૦ ચો.મી. કરતાં ઓછું હોવું ન જોઇએ. આ ક્ષેત્રફળમાં ઓટલાના ક્ષેત્રફળનો સમાવેશ કરેલ નથી.

(૨) ઓરડાની દિવાલોનું ખોદાણ ૦.૯૦ મી. સુધી અથવા પીળી માટી (સારી બેરીંગ કેપેસીટી વાળી ) મળે ત્યાં સુધી બેમાંથી જે વધુ હોય ત્યાં સુધી કરવાનું રહેશે.

(૩) ઓરડા તથા સંડાસ કમ બાથરૂમનું પ્લીન્થ ઉપરનું ચણતર તથા પેરાપેટનું ચણતર પાકી ઇંટોનું ૦.૨૩ મી. જાડાઇનું સીમેન્ટ, રેતી કેલ (૧ : ૬) માં કરવાનું રહેશે.

(૪) ઓરડામાં આગળ તથા પાછળની દિવાલમાં લોખંડના વેન્ટીલેટરવાળા ફલેપ શટરવાળા દરવાજા મુકવાના રહેશે. જેમાં ૧૮ ગેજથી ઓછી જાડાઇ ન હોય તેવી સ્ટીલશીટ વાપરવાની રહેશે. દરવાજાનું બહારથી બહારનું માપ ૦.૮૨ x ૨.૦૦ મી.નું રહેશે.

સંડાસ કમ બાથરૂમ માટે લોખંડનો ૧૮ ગેજથી ઓછી જાડાઇ ન હોય તેવા સ્ટીલશીટનો દરવાજો બનાવવાનો રહેશે. જેનું દરવાજાનું બહારથી બહારનું માપ ૦.૭૫ x ૨.૦૦ મી.નું રહેશે. ઓરડામાં આગળ પાછળની દિવાલોમાં કૂલ બે – બારી ૦.૭૫ મી. x ૧.૦૫ મી. (બહારથી બહારના માપની) લોખંડની સેફટી બાર સહિતની મુકવાની રહેશે.

(૫) ઓરડો તથા સંડાસ કમ બાથરૂમ ઉપર આર.સી.સી. (૧ : ૨ : ૪) માં સ્લેબનું કામ અનુક્રમે ૧૨ સે.મી. તથા ૧૦ સે.મી. જાડાઇનું કરવાનું રહેશે. બારી દરવાજાના ઓપનીંગ ઉપર આર.સી.સી.નો વેધરશેડ તથા આગળ પાછળની દિવાલ ઉપર સળંગ આર.સી.સી. લીન્ટલનું કામ કરવાનું રહેશે. આર.સી.સી. કામમાં સક્ષમ અધિકારીશ્રીની સૂચના મુજબ લોખંડ બાંધવાનું રહેશે. તેમજ તેઓની મંજૂરી મળ્યા બાદ કાસ્ટીંગનું કામ હાથ ધરી શકાશે.

(૬) ઓરડો તથા સંડાસ કમ બાથરૂમમાં અંદર / બહારની સાઇડે સીમેન્ટ રેતી કેલ (૧ : ૪)માં ૧૦ મી.મી. જાડું પ્લાસ્ટર કરવાનું રહેશે.

ઓરડો તથા સંડાસ કમ બાથરૂમ તથા ઓટલા ઉપર આઇ.પી.એસ. (૧ : ૨ : ૪) માં ૨૫ મી.મી. જાડાઇનું હયાત ડ્રાય ફલોર કોંક્રીટ (૧ : ૨ : સીમેન્ટ સિવાયમાં ૧૦ સે.મી. જાડાઇના ) ઉપર કરવાનો રહેશે. તથા મકાનને અંદર તથા બહારથી ચુનાથી ધોળવાનું કામ કરવાનું રહેશે.

(૭) સંડાસ માટે (૫૪૦ મી.મી. સાઇઝનું ) ડબલ્યુ. સી.ટબ શોકપીટ (કવર સહિત) તથા જરૂરી પાઇપ કનેકશન વિગેરે સહિતનું કામ કરવાનું રહેશે.

(૮) મકાનમાં નિર્ધૂમ ચુલો બનાવવાનો રહેશે.

(૯) (અ) આ સિવાય મકાનમાં નીચે જણાવેલ ભૂકંપ પ્રતિકારક કામો કરવાના રહેશે.

(૯) ( બ) **સાઇસ્મીક ઝોન-૩ તથા ૪ માટે (કચ્છ જિલ્લા સિવાયનો વિસ્તાર)**

(ક) પ્લીન્થ લેવલે આડો આર. સી.સી. બેન્ડ ૭.૫ સે.મી. જાડાઇનો કરવાનો રહેશે. આ બેન્ડ ઓરડા તથા સંડાસ કમ બાથરૂમની દિવાલો ઉપર મુકવાનો રહેશે. જેમાં બે સળીયા ૮/૧૦ મી.મી. વ્યાસનો (આંટાવાળા (ટોર) ૬ મી.મી. વ્યાસના સળીયાની આંકડી સાથે બાંધવાના રહેશે.

(ખ) લીંટલ લેવલ આર.સી.સી. લીન્ટલ બેન્ડ ૭.૫ સે.મી. જાડાઇનો મૂકવાનો રહેશે. આડી દિવાલોમાં સળંગ લીન્ટલ મુકવા અગાઉ ઉલ્લેખ થયેલ છે. જેથી ઉભી દિવાલો ઉપર જ લીન્ટલ બેન્ડ મુકવાનો રહેશે. જે પ્લીન્થ બેન્ડની વિગતો (ઉપર જણાવ્યા) મુજબ કામ કરવાનું રહેશે.

(ગ) મકાનના ખુણા ઉપર તથા ટી જંકશન ઉપર ઉભા લોખંડના સળીયા મુકવાના રહેશે. ચણતરમાં જગ્યા બનાવી ૧૦/૧૨ મી.મી.વ્યાસના આંટાવાળો દરેક જંકશન/ ખૂણો ૧ સળીયો મુકવાનો રહેશે.

(૯) **(બ) સાઇસ્મિક ઝોન-૫ માટે**

જયારે સાઇસ્મિક ઝોન-૫ ના વિસ્તારમાં (કચ્છ જિલ્લો) માં મકાનો બનાવવા માટે ઉપરોકત ત્રણ કામો ઉપરાંત વધારાના નીચે મુજબના ભૂકંપ પ્રતિકારક કામો કરવાના રહેશે.

(ક) બારી દરવાજાના ઓપનીંગની આજુબાજુ લોખંડના સળીયા મુકી મજબુતાઇનું કામ કરવાનું રહેશે. ઉપર બતાવ્યા મુજબ તથા સક્ષમ અધિકારીશ્રીની સૂચના મુજબ આ કામગીરી કરવાની રહેશે.

(ખ) સીલ લેવલે ખૂણા તથા 'ટી' જંકશનની દિવાલો ઉપર 'યુ' આકારના સળીયા મુકવાના રહેશે.

(ગ) ચણતરનું કામ સીમેન્ટ રેતી કેલ (૧ :૬) ને બદલે (૧ : ૪)માં કરવાનો રહેશે.

ઝોન-૫ માટે ઉપર જણાવેલ (બ) મુજબ ત્રણ વધારાના કામોનો સમાવેશ કરવાનો રહેશે. આ વધારાના કામનો ખર્ચ સોકપીટની ઉંડાઇ ઓછી કરવાથી અથવા અન્ય કન્ટીજન્સી જોગવાઇ વિગેરેમાંથી મેળવી શકાશે.